ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૫ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં અધિકમાસની ભકિતસભર ઉજવણી



સેકટર-૩-ન્યુ ખાતે સેકટરની બહેનો દ્વારા ભકિતભાવપૂર્ણ રીતે અધિકમાસ ઉજવવામાં આવી રહેલ છે. દરરોજ સવારે બહેનો પ્લોટ પર એકત્ર થઈ પ્રથમ કાંઠા ગોરમાનું પૂજન વાર્તા કરે છે ત્યારબાદ તેને લગતા ગીતો ગાય અને પછી અધિકમાસના માહાત્મ્ય વાંચવામાં આવે છે. અધિકમાસની પ્રત્યેક તિથિના લગતી વાર્તાઓ થકી અધિકમાસનું પ્રત્યેક દિનનું મહત્વ કેવું છે તે જણાવવામાં આવે છે ત્યારબાદ પ્રસાદ આપવામાં આવે છે. ફરી સાંજના સમયે ૪ થી ૬ દરમિયાન બહેનો દ્વારા ભજનો ગાવામાં આવે છે. આમ સમગ્ર દિવસ ભજનકીર્તન કરી અધિકમાસનું ઉજવણું કરવામાં આવે છે.

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના વિવિધ મંદિરોમાં હાલ ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. પવિત્ર પુરૂષોતમ મહિનાના અંતિમ દિવસોમાં ભગવાનની પૂજા-અર્ચના કરી પુણ્યનું વિશેષ ભાથુ બાંધવા શ્રધ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પવિત્ર માસ દરમિયાન નગરના દેવ સ્થાનોમાં અનોખી આધ્યાત્મિક ચેતના પ્રગટી છે. બારેમાસમાં મહિનાની રીતે પુરૂષોતમ માસનું અનોખુ ધાર્મિક મહત્વ છે. ભગવત ગીતામાં પણ ભગવાન કૃષ્ણએ પુરૂષોતમ મહિનાનો મહિમા વર્ણવ્યો છે. અધિક માસ પૂર્ણ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નગરના મંદિરોમાં ભકતોની ભીડ જોવા મળે છે આ ઉપરાંત જરૂરીયાતમંદોને મદદરૂપ થવા પણ ભાવિકો વિશેષ ઉત્સુક જોવા મળી રહ્યા છે. નગરના મંદિરોમાં પણ વિષ્ણુમહાપૂજા, યજ્ઞ, ભજનો, મહાઆરતી, શિવ મહા



પુરાણ કથા, સુંદરકાડના પાઠ, ધુન, અને સ્તુતી વંદના સહિત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

અધિક માસ ભગવાન વિષ્ણુની આરાધનાનો શ્રેષ્ઠ મહિનો છે. આ મહિનામાં યજ્ઞ અને પૂજા-અર્ચના અને દર્શન માત્રથી વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે. ત્યારે પવિત્ર માસને પગલે શહેરના મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળે છે. જયારે મંદિરોમાં પણ ભકતો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અધિક માસમાં રોજ બપોરે મંદિરોમાં મહિલાઓ દ્વારા ભજનના કાર્યક્રમ યોજાય છે. તો બીજી બાજુ મંદિરમાં શિવ મહાપુરાણ કથા, મહાવિષ્ણુયાગ જેવા મોટા કાર્યક્રમોનું પણ આયોજન શહેરમાં કરવામાં આવ્યું છે. મંદિરોમાં પુરૂષોતમ માસને અનુલક્ષી મહાઆરતી, ધુન, સ્તુતી, વંદના સહિતના ભકિત સભર કાર્યક્રમનું ભકતો દ્વારા આયોજન કરાયું છે. અધિક માસ પૂર્ણાહુતિ તરફ છે ત્યારે ભકતો પૂજા-અર્ચનામાં વ્યસ્ત બન્યા છે. જયારે મંદિર પરિસરોમાં પણ વિવિધ ધાર્મિક આયોજનનો પગલે ભકતો ભકિતમાં તલ્લીન બન્યા છે. ત્યારે શહેરમાં પણ ભકિતનો અનોખો માહોલ જોવા મળ્યો છે.

## @ગાંધીનગર

● પતંજલિ યોગ સમિતિ તેમજ માનસ યોગ સવા ટ્રસ્ટના ઉપક્રમે સેકટર-૨૧ જીમખાના ખાતે સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોગ શિક્ષક ટ્રેનિંગ યોજાશે.

● ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી ૧૦.૩૦ કલાકે કરવામાં આવશે.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં વિવિધ સુરક્ષા એજન્સીના સુરક્ષા કર્મીઓના બોડી ચેકઅપ કરાવાઈ રહ્યા હોવાથી સુરક્ષાકર્મીઓનો ધસારો જોવા મળે છે. સુરક્ષા એજન્સી દ્વારા સુરક્ષા કર્મીઓની ફિઝિકલ ફિટનેશ જાળવવા આ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

● સિવિલ હોસ્પિટલમાં બેંકની જેમ કેસ કઢાવનારને ટોકન નંબરની ચબરખી આપવાની યોજના દાખલ કરાશે. અત્યારે આ યોજનાનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે.

# સત્યાગ્રહ છાવણી ખાતે વાલ્મીકી અધિકાર સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ વાલ્મીકી અધિકાર સંમેલન યોજાયું હતું. જેમાં રાજયભરમાંથી વાલ્મીકી સમાજના વિવિધ સંગઠનોના હોદેદારો અને કાર્યકરો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.વાલ્મીકી સમાજના છેલ્લા ઘણા વર્ષોથી પડતર પ્રશ્નો છે જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. જેને પગલે આજે વાલ્મીકી અધિકાર સંમેલન દ્વારા પડતર માંગણીઓને લઈને એક દિવસીય ધરણાનો કાર્યક્રમ સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયો હતો.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ વાલ્મીકી અધિકાર સંમેલન યોજાયું હતું. જેમાં વાલ્મીકી સમાજની માંગણીઓમાં રાજયની ગ્રામપંચાયત, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, બોર્ડ-નિગમ, સરકારી-અર્ધસરકારી



સંસ્થા, હોસ્પિટલો, અર્બન હેલ્થ સેન્ટરોમાં સફાઈ કામમાં જોડાયેલા રોજમદાર તથા કોન્ટ્રાકટમાં કામ કરતા સફાઈ કામદારોને કાયમી નોકરીના હક્કો આપવા, વાલ્મીકી સમાજના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવતી નથી જે તાત્કાલીક ધોરણે આપવામાં આવે ,રાજયમાં સફાઈના કોન્ટ્રાકટ તાત્કાલીક નાબુદ કરો, સરકારી શાળામાં ૨ ટકા અનામત વાલ્મીકી સમાજની હતી તે પણ વર્ષોથી બંધ છે તે ફરીવાર શરુ કરવામાં આવે, રાજય સરકારની વિવિધ કચેરીઓમાં કોન્ટ્રાકટ પ્રથા નાબુદ ના થાય ત્યાં સુધી સફાઈના કોન્ટ્રાકટ માત્ર વાલ્મીકી સમાજના નાગરીકોને જ મળવા જોઈએ, જિલ્લા-તાલુકા કક્ષાએ વાલ્મીકી સમાજ માટે કોમ્પ્યુનિટી હોલ તેમજ લગ્નપ્રસંગ માટે વાડીઓ બનાવવામાં આવે, રાજયમાં ૨૧ લાખ વણકર, ૧૭ લાખ વાલ્મીકી સમાજ, તેમજ ૧૦ લાખ રોહિત સમાજના નાગરીકો છે. ત્યારે વાલ્મીકી સમાજના નાગરીકોની પ્રતિનિધીત્વ કરનાર ધારાસભ્યોની સંખ્યા નહીવત છે. વાલ્મીકી સમાજને ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં પાકા મકાનો ફાળવવામાં આવે. ત્યારે વર્ષોથી પડતર પ્રશ્નોનું સમાધાન નહી થતા આજે વાલ્મીકી એકતા અધિકાર સંમેલન સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયું હતું અને એક દિવસીય ધરણા યોજીને પોતાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે તેવી રજુઆત સરકાર સમક્ષ કરી હતી.

# સિવિલના આઠમા માળે પાણી અને લાઈટના ધાંધિયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા નવા બિલ્ડીંગના આઠમા માળે ફિમેલ મેડીકલ વોર્ડમાં છેલ્લા બે દિવસથી પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે. તો બીજી તરફ રાત્રીના સમયે વોશરૂમમાં લાઈટ ન હોવાથી અંધકાર છવાઈ જતા મહિલા દર્દીઓ વોશરૂમમાં જતા પણ ડર અનુભવી રહી છે. ત્યારે સિવિલમાં પાયાની સુવિધાનો સત્વરે ઉકેલ આવે તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

પાટનગરની સિવિલ જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સમાન સાબિત થઈ છે, રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે ગાંધીનગર સિવિલમાં આવે છે. તાવથી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર અહી સરળતાથી દર્દીઓને મળી રહે છે. ત્યારે સિવિલ ઓપીડી બિલ્ડીંગ અને આઠમાળની બિલ્ડીંગ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે.ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજ નિતનવી સમસ્યાઓ ઉઠવા પામે છે. સિવિલમાં એક સાંધે ત્યા તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. આઠમાળની આધુનિક ઈમારતમાં સમસ્યાઓ જાણે શાંત થવાનું નામ જ લેતી નથી તેમ લાગી રહ્યું છે. રોજના હજ્જારો દર્દીઓ આવતા કંઈક નવા જુની જોવા મળે છે. ત્યારે સિવિલના આઠમા માળે આવેલા ફિમેલ મેડીકલ વોર્ડમાં છેલ્લા બે દિવસથી રાત્રીના સમયે વોશરૂમમાં પાણી જ આવતુ ન હોવાથી ફરિયાદ ઉઠવા પામી છે.તો બીજી તરફ રાત્રીના સમયે વોશરૂમમાં લાઈટ જ ના હોવાથી દર્દીઓએ મોબાઈલમાં ટોર્ચ ચાલુ કરીને વોશરૂમ સુધી જવુ પડે છે. જયારે કેટલાક મહિલાઓ રાત્રીના અંધકારમાં વોશરૂમ તરફ જતા પણ ડર અનુભવી રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી વિના ચાલે તેમ નથી તેવા સમયે પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે. જયારે બીજી બાજુ પાણી લીકેજને પગલે વહી જતુ હોવાનું પણ સામે આવ્યું છે. જો લીકેજ બંધ થાય તો પાણીનો બચાવ થાય તેમ છે. ત્યારે દર્દીઓનો હાલના સમયે પાણી અને લાઈટ જેવી પાયાની સુવિધા ના હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ફિમેલ વોર્ડની લાઈટો તેમજ પાણીની સમસ્યા ઝડપી હલ થાય તેવી દર્દીઓની લાગણી અને માંગણી છે.

## સે-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાવિષ્ણુયાગનું આયોજન

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર અધિક માસ નિમિતે મહાવિષ્ણુયાગનું આયોજન તા. ૧૦ જુનને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. અધિક માસ ભગવાન વિષ્ણુની આરાધનાનો શ્રેષ્ઠ મહિનો છે. આવા યજ્ઞ અને પૂજા અર્ચનાના દર્શન માત્રથી વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે. ત્યારે તા.૧૦ જુનને રવિવારના રોજ સવારે ૯ કલાકે યજ્ઞ પ્રારંભ થશે, બપોરે ૧૨ કલાકથી ફળાહાર-ભોજન પ્રસાદ, પ્રધાન હોમ બપોરે ૧.૩૦ કલાક, વિષ્ણુ મહાપુજા બપોરે ૪ કલાકે, યજ્ઞ પૂર્ણાહુતી સાંજે ૫ કલાકે, છપ્પનભોગનો થાળ સાંજે ૫.૧૫ કલાકે, મહાઆરતી સાંજે ૫.૨૦ કલાકે, ધૂન, સ્તુતી-વંદના સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. રાવજીભાઈ પટેલ દ્વારા મહામુલા અતિ પવિત્ર અવસરનો લાભ લેવા સૌ ધર્મપ્રેમી નગરજનોને અનુરોધ કરાયો છે.



ગાંધીનગર શહેર મહાનગર પાલિકા વોર્ડ નં-૬ ના કોર્પોરેટર પાર્વતિબેન મધુકર પરમારની ગ્રાન્ટમાંથી અંગ કસરતના વિવિધ સાધનોની કીટ સેકટર-૭ ડીના ગાર્ડન ખાતે જનઉપયોગ માટે મુકવામાં આવી છે. ત્યારે સે-૭ ડી જન સંસ્થાના પ્રમુખ જે.જી. ભટ્ટ, ચંદ્રવદન આર. મોદ, મહેશભાઈ રાવલ, લાફીંગ કલબના સભાસદ ભાઈ-બહેનો સેકટરના મહાનુભાવોની હાજરીમાં નાગરીકોના ઉપયોગ માટે કસરતના સાધનો ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

# પોલીસની 'પોકેટ કોપ એપ્લીકેશન'ને ફિક્કી સ્પેશિયલ જયુરી એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં અમલી ઈ-ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત પોલીસની મોબાઈલ પોકેટ કોપ એપ્લીકેશનને કેન્દ્રીય મંત્રી વિજય ગોયેલના હસ્તે 'ફિક્કી સ્પેશિયલ જયુરી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે બે માસ અગાઉ પોલીસ વિભાગ માટે 'પોકેટ કોપ પ્રોજેકટ' લોન્ચ કર્યો હતો. આ પ્રોજેકટમાં સ્માર્ટફોનમાં ચાર જેટલી એપ્લીકેશન પાસપોર્ટ વેરીફીકેશન, ગુનેગારોની શોધ, વાહન શોધ તથા ગુમ થયેલ વ્યકિતની શોધ સહિત રાજયના તમામ પોલીસ સ્ટેશન ઉપરાંત ક્રાઈમ સંબંધિત કામ કરતી તમામ બ્રાન્ચ ખાતે પોકેટ કોપ અંતર્ગત સ્માર્ટ મોબાઈલ ફોન ફાળવવામાં આવ્યા હતા.

આ પ્રોજેકટ ગુજરાત રાજયના પોલીસ મહાનિર્દેશકની સુચના અનુસાર ફિક્કી (એફઆઈસીસીઆઈ) દ્વારા 'સ્માર્ટ પોલીસીંગ એવોર્ડ ૨૦૧૮ ફોર બેસ્ટ પ્રેકટીસ પોલીસીંગ ફોર સિટીઝન' એવોર્ડ માટે ઈ-ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત મોબાઈલ પોકેટ કોપ એપ્લીકેશનનું નોમિનેશન સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અધિક પોલીસ મહાનિર્દેશક દ્વારા મોકલી આપવામાં આવ્યું હતું. આ એવોર્ડ માટે ભારતભરમાંથી કુલ ૨૦૦ જેટલા નોમીનેશન આવ્યા હતા જેમાં ગુજરાત પોલીસની મોબાઈલ પોકેટ કોપ એપ્લીકેશનને ફિક્કી સ્પેશિયલ જયુરી એવોર્ડ કેન્દ્રના રાજયકક્ષાના આંકડાકીય બાબતો અને કાર્યક્રમ અમલીકરણના મંત્રી વિજય ગોયેલના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

# કોબા પાટીયા પાસે રીક્ષા-કાર વચ્ચે અકસ્માત : ત્રણ ઘાયલ



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-કોબા માર્ગ પર આજે કોબા પાટીયા નજીક પુરપાટ ઝડપે દોડી આવતા અજાણ્યા વાહનો ઓટોરીક્ષાને જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રીક્ષામાં સવાર ત્રણ મુસાફરોને ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સથી ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર કોબા માર્ગ પર આજે સવારે રીક્ષા નં. જીજે-૧૮-એવી ૨૦૬૧નો ચાલક રીક્ષામાં મુસાફર લઈ પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન ક્રિષ્ના હોટલ સામે જ પુરપાટ ઝડપે દોડી આવતી અજાણી અલ્ટો જેવી કારે રીક્ષાને ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે મુસાફરો રીક્ષામાંથી ઉછળી માર્ગની પાસે ફંગોળાઈ ગયા હતા અને શરીરે ઈજાઓ થઈ હતી. અજાણ્યા વાહનનો ચાલક આ અકસ્માત સર્જી નાસી છુટયો હતો. રીક્ષામાં સવાર ત્રણ મુસાફરો મનુજી પ્રતાપજી ઠાકોર, સુનીલ ગોવિંદભાઈ પરમાર અને સુનીલ કાળાજી ઠાકોર (તમામ રહે. હાથીપુર-રાયસણ)ને ઈજા થતા સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે આ મામલે કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી.



ચિલોડા સર્કલ ખાતે વાહન ચેકીંગ દરમિયાન ચિલોડા પોલીસે ૩૦ મોટર સાયકલ કબજે કરી હતી. ચિલોડા પોલીસના પી.આઈ. એલ.ડી. વાઘેલા સહિતની ટીમે આજે વાહન ચેકીંગ ઝુંબેશ શરુ કરી હતી. જેમાં નંબર પ્લેટ, લાયસન્સ અને આર.સી. બુક વગરની કુલ ૨૬ મોટર સાયકલ ડીટેઈન કરી હતી. જયારે ૪ બિનવારસી મોટર સાઈકલ પણ કબજે કરી હતી.

## રણાસણ ગામે છ દારૂની બોટલો સાથે ઈસમ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ડભોડા નજીકના રણાસણ ગામે ડભોડા પોલીસે ૬ નંગ દારૂની બોટલ સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો. પોલીસે કુલ રૂ. ૨૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને જેલ હવાલે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડભોડાના રણાસણ ગામે ગગન ગેસ્ટ હાઉસ આવેલું છે. જયાં ગેસ્ટ હાઉસ પાસે માર્ગ પર એક શંકાસ્પદ ઈસમ કાપડનો થેલો લઈ ઉભો હતો. દરમિયાન ડભોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. પોલીસને આ શખ્સ પર શંકા જતા તેની તપાસ કરતા આ શખ્સ પાસેના થેલામાંથી વિસ્કીની ૬ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે આ શખ્સની પુછપરછ કરતા મનીષ તુલસી ડામોર (રહે. બિછુવાડા રાજસ્થાન) હોવાની માહિતી આપી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# આજે રામેશ્વર મંદિર સે-૩ ખાતે પર્યાવરણ સુરક્ષા હેતુ અગ્નિહોત્ર યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા.૪

ઉત્થાન ફાઉન્ડેશન આયોજીત, વિશ્વ પર્યાવરણ તા. ૫-૬-૨૦૧૮ના રોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન રામેશ્વર મંદિર, સેકટર-૩-ગાંધીનગર ખાતે પર્યાવરણ સુરક્ષાના હેતુસર અગ્નિહોત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નગરના ધાર્મિક અને પર્યાવરણ પ્રેમી નાગરિકોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

માધવ આશ્રમ, ભોપાલ દ્વારા ૧૯૬૪થી દેશના વિવિધ ભાગોમાં અગ્નિહોત્ર યજ્ઞ કાર્યક્રમ યોજી વિશ્વમાં વાયુ પ્રદુષણ દુર કરવા અભિયાન શરુ કરવામાં આવેલ છે. ભોપાલ ખાતે ઝેરી ગેસ હોનારત વખતે નિયમિત અગ્નિહોત્ર યજ્ઞ યોજતા કુટુંબો ગેસની શારિરીક આડ અસરથી મુકત રહી શકયા હતા. ગત તા. ૧૭-૫-૨૦૧૮ના દિવસે ભોપાલ રામલીલા મેદાન ખાતે યોજાયેલા ૫૫૫૫ અગ્નિહોત્ર યજ્ઞમાં દેશના વિવિધ વિસ્તારમાંથી કાર્યકરોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આવા વાતાવરણ શુધ્ધિના હેતુ સાથે યોજવામાં આવેલા કાર્યક્રમમાં હાજર રહી આહુતી અર્પવા નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવે છે. ફકત બે મિનિટના અગ્નિહોત્ર યજ્ઞ દ્વારા પોતાના રહેઠાણ, આવાસ, વિસ્તારમાં શુધ્ધ વાતાવરણ પેદા કરી શકાય છે. કાર્યક્રમ દરમિયાન અગ્નિહોત્ર યજ્ઞ અંગેની વિગતવાર સમજ પણ આપવામાં આવશે.



ગાંધીનગરની આઈઆઈટી સંસ્થાની એમએસસી ફિઝિકસની વિદ્યાર્થીની અયાત્રી સિંઘાની પ્રતિષ્ઠિત રોનાલ્ડ ડ્રેવર સ્કોલરશીપ માટે પસંદગી પામી છે. જે અંતર્ગત અયાત્રી 'ગ્રેવીટેશનલ વેવ્સ'ના ડોકટોરલ અભ્યાસક્રમ માટે યુનિ.ઓફ ગ્લાસગો ખાતે ઓકટોબરમાં જશે. અયાત્રીએ પોતાની આ સિધ્ધિ અંગે ઉત્સાહ દર્શાવતા કહ્યું હતું કે 'મને આ સ્કોલરશીપ મેળવવાનો આનંદ છે અને હું 'ઈન્સ્ટ્રુમેન્શન ફોર ગ્રેવિશ્નલ વેવ ડિટેકશન' એન્ડ એડવાન્સ ડિરેકટર કોન્ફિગરેશન્સ' વિષયે કાર્ય કરીશ જે આવનારા સમયમાં લીગો-ઈન્ડિયા ડિરેકટર સહિત નવી પઢીના ડિરેકટરને સંબંધિત હશે.

## ચિરવિદાય

- સ્વ. કાળુજી વરવાજી બિહોલા, ઉ.વ. ૭૮
- સ્વ. રાધાબેન વિરજીભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૩
- સ્વ. કમુબેન મનુભાઈ વાઘરી, ઉ.વ. ૪૭
- સ્વ. ત્રિવેદી દિનાબેન જગદીશચંદ્ર, ઉ.વ. ૬૫